**ફોજદારી કેસ નંબર ૯૫૧/૨૦૨૪**

**આંક ૧ લગત હુકમ**

સદરહું કામનું રેકર્ડ ધ્યાને તથા વંચાણે લીધુ. સદર કામે આરોપી સામે ગુનાનો આક્ષેપ છે તથા સદર ગુનો સમન્સ ટ્રાયેબલ ગુનો છે. તેમજ આરોપી સામે ચાર્જસીટ દાખલ થયેલ છે. જેથીઆરોપી સામેનો કેસ પોલીસ રીપોર્ટ આધારે દાખલ થયેલ છે તથા આ ચાર્જસીટ દાખલ થયા બાદ આરોપીને અદાલત સમક્ષ હાજર રાખવા સમન્સ/વોરન્ટ કાઢવા જતાં આરોપીને હાજર રાખવા પોલીસ એજન્સી સદંતર નિષ્ફળ રહેલ છે. તદૃઉપરાંત આરોપીને હાજર ન રાખવા અંગે કોઈ યોગ્ય અને વ્યાજબી કારણ રજુ નથી. જેથી આરોપી સામેનો કેસ ઘણા સમયથી ચાલતો હોવા છતાં આરોપીને હાજર રખાવી શકેલ ન હોય તથા નજીકના ભવિષ્યમાં આરોપી મળી આવે તેવી કોઈ શકયતા જણાતી ન હોઈ જેથી આવા સામાન્ય તથા વિશીષ્ટ સંજોગોમાં આરોપી વિરુધ્ધની ન્યાયીક કાર્યવાહી વિના વિલંબે આગળ ચલાવવી અત્યંત મુશ્કેલ અને અશકય જણાતુ હોઈ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૨૫૮ અન્વયે ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

–:: હુકમ ::–

આથી ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૨૫૮ અન્વયે આરોપી/આરોપીઓ સામે ની કાર્યવાહી પડતી મુકી, કાર્યવાહી બંધ કરવા હુકમ કરવામાં આવે છે.

વધુમાં આરોપી જયારે મળી આવે ત્યારે તેઓ સામેની ન્યાયીક કાર્યવાહી હાથ ધરવા ફરીયાદ પક્ષને ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ– ૩૦૦(૫) હેઠળ પરવાનગી આપવામાં આવે છે.

હુકમ આજ રોજ તા. ૧૪ મી, માર્ચ, ૨૦૨૬ ના રોજ સ્પેશ્યલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ: સુરેન્દ્રનગર
તા.૧૪–૩–૨૦૨૬

(કાર્તીક મનુભાઈ આહીર)
બીજા એડી. ચીફ જયુડી. મેજી.
સુરેન્દ્રનગર.
કોડ નંબર જી.જે.૦૧૪૯૦